દિવ્ય ભાસ્કર, અમદાવાદ શહેર પેજ
તારીખ :- ૧૯/૦૨/૨૦૨૬.

# આજે ટી-20 મેચ, મેટ્રો રાત્રે 12.30 વાગ્યા સુધી દોડશે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત-નેધરલેન્ડ વચ્ચે ટી-20 વર્લ્ડ કપની મેચ રમાવાની છે. જેથી મેટ્રો ટ્રેનનો સમય વધારાયો છે. સ્ટેડિયમથી એપીએમસી સુધી રાત્રે 10થી 12.30 સુધી અને ગાંધીનગર (મહાત્મા મંદિર) માટે રાત્રે 11.40 તથા 12.10 કલાકે વિશેષ ટ્રેનો દોડશે. ઓલ્ડ હાઈકોર્ટ ઈન્ટરચેન્જ સ્ટેશનથી વસ્ત્રાલ ગામ અને થલતેજ ગામ જવા માટે રાત્રે 10 વાગ્યાથી મધ્યરાત્રિના 12.50 વાગ્યા સુધી મેટ્રો સેવાઓ ઉપલબ્ધ રહેશે. રાત્રિના 10 પછી મુસાફરી માટે રૂ.50ની પેપર ટિકિટ લેવાની રહેશે.

## જનપથથી સ્ટેડિયમ સુધીનો રોડ વાહનો માટે બંધ રહેશે

મેચને કારણે જનપથ ટીથી સ્ટેડિયમના મુખ્ય ગેટ થઈને મોટેરા ગામ સુધીનો રોડ બપોરે 3થી રાત્રે 2 વાગ્યા સુધી વાહનો માટે બંધ રહેશે.

**આ રોડ વાહનો માટે ચાલુ**

- **તપોવન સર્કલથી :** ઓએનજીસીથી વિસત સર્કલ થઈને જનપથથી પાવર હાઉસ તરફ જઈ શકાશે.
- **કોટેશ્વર રોડથી :** કૃપા રેસિડેન્સીથી શરણ સ્ટેટસ ચાર રસ્તાથી ભાટ-કોટેશ્વર રોડ થઈ એપોલો સર્કલ તરફ અવરજવર કરી શકાશે.